# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા-૨/૧૯-૨૦/ તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૯/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **માજીબા મુળુજી જાડેજા** ગામ: **ખંભાલીઆ**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વિ.સોમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર માજીબા મુળુજી જાડેજા ગામ -ખંભાલીઆ, તેઓની અરજીના નોંધણી નં: ૫૯/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, વડત્રા પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૨–૦૭–૧૯ થી ઉગમણા બારા ગામ ના સર્વે નંબર: ૧૬૦૬ પૈકી ૧ પૈકી ૧ મા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે – સદર જમીન ના નવા ૭–૧૨,૮–અ રજુ કરવા જણાવેલ. જે રજુ કરવા માટે – પેટા વિભાગીય કચેરીમાં જતા – સદર અરજીમાં સસરાનુ નામ લખવાની ફરજ પાડવામા આવી, જે અરજદાર ના પતિ મુળજીભાઈ પબજીભાઈ જાડેજા ના નામે ગ્રાહક નં. – ૮૮૯૫૨ / ૦૦૧૪૦ /૦ વાળુ વીજજોડાણ અલગ જગ્યાએ આવેલ છે, જેના નાણા બાકી હોય – સદર અરજી ની પીજીવીસીએલ દ્રારા જરૂરી કાર્યવાહી કરાયેલ નથી. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર ના નામે અથવા નવીન વીજજોડાણ ની માંગણી મુજબ ના સ્થળ પર વીજ કંપની નુ લેણુ બાકી હોય તો – વીજજોડાણ આપી શકાય નહી. પરંતુ, સદર બાબત લાગુ પડતી ન હોવા છતા – વડત્રા પેટા વિભાગીય કચેરી ના રેવ. વિભાગ દ્રારા જરૂરી કાર્યવાહી કરાયેલ ન હોવાથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, **અરજદાર શ્રી માજીબા મૂલજી જાડેજા રે. ઉગમણા બારા તા. ખંભાળિયા એ સર્વે નંબર ૧૬૦૬/પૈકી ૧/પૈકી/૧ ઉગમણા બારા મુકામે ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી કરેલ છે જેના જીપી નંબર ૨૯૨ છે. અગ્રતાક્રમ મુજબ વારો આવતા વડતરા કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી ૬૧૧૬ તારીખ ૧૨.૦૭.૨૦૧૯થી હાલના ૭/૧૨ ,૮-અ રજૂ કરવા માટે અરજદાર ને પત્ર મળતા વડતરા કચેરી એ દસ્તાવેજો રજૂ કરતાં અરજદાર ના પતિ મૂલજી પબજી જાડેજા ના નામનું ગ્રાહક નંબર ૮૮૯૫૨.૦૦૧૪૦.૪ વાળું અલગ જગ્યા એ આવેલ જેના** ***રૂ. 3360/- (લેજર મુજબ એડ્વાન્સ સિવાય ની ) બાકી હતા. તે ભરપાઈ કરવા જણાવેલ- આમ*** **નાણાં બાકી હોય સદર અરજી ની કાર્યવાહી કરેલ નથી.**

૩.૧ ફોરમ કમિટી મીટીંગ તા.૨૨–૧૦–૧૯ ના રોજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સમાધાનપત્ર તા.૨૨–૧૦–૧૯ થી રજુ કરેલ છે, તે મુજબ – અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ હોય – તે બદલ અરજદારે સમાધાનપત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, અરજદાર ની રજુઆત મુદદા નં. ૨.૦ અન્વયે – મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ સમાધાન પત્ર તા.૨૨–૧૦–૧૯ મુજબ – અરજદાર ની ફરીયાદનુ સંતોષકારક નિરાકરણ થયેલ હોય – ફોરમ કમિટી દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે.

૪.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |